## ભરૂચના નર્મદામૈયા બ્રિજ પર ભારે વાહનો માટે ત્રણ મહિનાનો પ્રતિબંધ

**અકસ્માતો** વધતાં કરાયેલી રજૂઆત બાદ જિલ્લા મેજિસ્ટ્રેટનો હુકમ

એમ્બ્યુલન્સ, ફાયર બ્રીગેડનાં વાહનો તેમજ એસ.ટી. બસોને પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી

અંકલેશ્વર: ગોલ્ડન બ્રિજને સમાંતર નર્મદામૈયા બ્રિજ પર ભારે વાહનોના કારણે અકસ્માતોમાં ખૂબ જ વધારો થવા પામ્યો હતો. ભરૂચ જિલ્લાનાં સામાન્ય નાગરીકો દ્વારા વિડીયો તથા ફોટા દ્વારા બાબતે ફરીયાદ કરવામાં આવી હતી. એ.બી.સી. સર્કલથી નર્મદામૈયા બ્રીજ સુધીમાં મોટી હોટલો, કોમ્પલેક્ષ, મોલ, કોલેજો, બસ સ્ટેશન આવેલા છે. જેથી આ બ્રિજ પરથી ભારે તથા અતિભારે વાહનોની અવર-જવરનાં કારણે જાનહાની થવાની પણ પૂરતી સંભાવના રહેલી છે.

જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ ગૌરાંગ મકવાણા, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલી સત્તાની રૂએ તા.૦૫/૦૮/૨૦૨૫ થી તા.૦૪/૧૧/૨૦૨૫ સુધી ૩ માસ માટે નર્મદામૈયા બ્રિજ ઉપરથી પસાર થતાં તમામ પ્રકારનાં ભારે તથા અતિભારે વાહનો જેવાં કે, ખાનગી બસ, તમામ પ્રકારની ભારે ટ્રકો, ટેમ્પા, ટેન્કરોની (ટુ વ્હીલર, થ્રી વ્હીલર, ફોર વ્હીલર કાર, શાકભાજી વહન કરતાં નાના લોડીંગ વાહનો તથા દૂધ વિતરણ સાથે સંકળાયેલ નાના લોડિંગ વાહનો સિવાયનાં તમામ વાહનો) અવર-જવર પર પ્રતિબંધ મુક્યો છે. આપાતકાલીન સેવા માટેનાં વાહનો જેવાં કે, એમ્બ્યુલન્સ, ફાયર બ્રીગેડનાં વાહનો તેમજ એસ.ટી. બસોને પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવે છે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર રહેશે.

**કોરોના કાળ, ચોમાસું, પૂર અને જમીન સંપાદનને લઈ 4 વર્ષની ડેડલાઈન પસાર**

## ભાડભૂત બેરેજ પ્રોજેક્ટની સમય મર્યાદા પૂર્ણ છતાં કામ બાકી

**અંકલેશ્વર** તરફ પૂર સંરક્ષણ પાળા માટે સંપાદન કામગીરી હજી અટકેલી

**સંપાદન** કામગીરી પૂર્ણ થયા બાદ દોઢ વર્ષ ફ્લડ પ્રોટેક્શન વોલ બનતા લાગશે



ભરૂચ, અંકલેશ્વર : ભરૂચ-અંકલેશ્વર શહેર અને જિલ્લા માટે અતિ મહત્વની ભાડભુત બેરેજ યોજનાની ડેડલાઈન પૂર્ણ થયાને 9 મહિના વિતી ગયા છે જેની સામે કામગીરી 63.47 ટકા જ પૂર્ણ થઈ છે.ભરૂચ જિલ્લાની પ્રજા બે વર્ષ અગાઉનું નર્મદા નદીનું ઘોડાપૂર હજી ભુલ્યું નથી. અંકલેશ્વરને તો નર્મદાના ઐતિહાસિક 2023 ના ઘોડાપૂરે ચોમાસામાં તારાજ કરી દીધું હતું ત્યારે હજી સંભવત પૂર સામે સંરક્ષણ મેળવવા 2 થી 3 વર્ષની રાહ જોવી પડે તેવી શક્યતા રહેલી છે.

ભાડભૂત બેરેજની ચાર વર્ષમાં કામગીરી પૂર્ણ કરવાની ડેડલાઈન ગત ઓક્ટોબર 2024 માં પૂર્ણ થઈ ગઈ છે. સમયમર્યાદા પર વધુ 9 મહિના પસાર થઈ ગયા છે. જોકે કોરોના કાળ, દર વર્ષે વરસાદી મૌસમ, પૂર તેમજ સંપાદન સહિત એક યા બીજા કારણોસર ભાડભુત બેરેજની કામગીરી હજી સુધી 63 ટકા જ પણ પૂર્ણ થઈ છે.

ભાડભુત બેરેજ યોજનાની કામગીરી 31 મે સુધી કુલ 63.47 ટકા થઈ છે. જેમાં બેરેજનું સિવિલ વર્ક 59.16 ટકા, ફ્લડ પ્રોટેકશન વર્ક 29.36 ટકા, હાઈડ્રો મિકેનિકલ વર્ક 10.43 ટકા થયું છે. જ્યારે ઈલેક્ટ્રિકલ, ઈન્સ્ટ્રુમેન્ટેશન, સ્કાડા અને કંટ્રોલ વર્ક દોઢ ટકા જ થઈ શક્યું છે. યોજનામાં નાણાકીય રીતે બેરેજનું બાંધકામ 2416.03 કરોડનું પૂર્ણ થયું છે.

### નર્મદા નદીમાં સંભવિત પૂર સામે હજી ખતરો

સરદાર સરોવર નર્મદા ડેમમાંથી પૂર દરમિયાન છોડાતા પાણીથી રક્ષણ આપવા, દરિયાના ખારાપાણીને આગળ વધતા અટકાવવા, મીઠા પાણીનું સરોવર રચવા, ભૂગર્ભ જળના સ્તર ઊંચા લાવી દરિયાને આગળ વધતો અટકાવવા આ અતિ મહત્વની યોજનામાં હજી સુધી અંકલેશ્વર તરફના કિનારે જમીન સંપાદનની કામગીરીના અંતરાયો દૂર થયા નથી. અંકલેશ્વર તરફ પૂર સંરક્ષણ પાળો બનાવવા માટે સંપાદન થયા બાદ દોઢ વર્ષે પાળો પૂર્ણ કરવાનું આયોજન છે. જેને જોતા અંકલેશ્વર કિનારાના લોકોને હજી બે થી ત્રણ ચોમાસામાં નર્મદા નદીમાં સંભવિત પૂર સામે ખતરો રહેલો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### અંકલેશ્વરના ભાદી ગામે દીપડો દેખાતા લોકોમાં ભય

અંકલેશ્વર: છેલ્લા એક અઠવાડિયાથી સતત ભાદી ગામના જુબેર ભાડીગરના ફાર્મ હાઉસ પાસે દીપડાના આંટાફેરા જોવા મળ્યા હતા. જેમાં દીપડાએ એક બકરીનું મારણ કર્યું હતું, જ્યારે એક ગાય ઉપર હુમલો કરતાં ભય જોવા મળ્યો હતો. અગાઉ પણ ખરોડ અને ભાદી ગામમાંથી વન વિભાગ દ્વારા ૫ થી વધુ દીપડાનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું, ત્યારે હવે ફરી દીપડો દેખાદેતા ગ્રામજનોમાં ભય ફેલાયો છે.વન વિભાગે પાંજરું મુકવા તજવીજ હાથ ધરી છે.

### વાંકલ ખાતે શીતળા સાતમની ઉજવણી કરવામાં આવી

વાંકલ: માંગરોળના વાંકલ ખાતે હનુમાનજી મંદિરના પટાંગણમાં શીતળા માતાજીના પૂજા અર્ચના કરવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિની ધાર્મિક માન્યતા અનુસાર એક દિવસ આગળ રાંધણ છઠ્ઠ ના દિવસે વિવિધ જાતના પકવાનો બનાવી દેવા માં આવે છે. શીતળા સાતમના દિવસે ઠંડુ ખાવાની પ્રથા છે. આજે ઘરમાં ચૂલો પણ સળગાવતા નથી. મહિલાઓ એક જગ્યા ભેગી થઈ શીતળા માતાની કથા, વાર્તાઓનું પઠન કરે છે.

### માંડવીની ગ્રાન્ટેડ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં NEP 2020 નાં પાંચ વર્ષની ઉજવણી નિમિત્તે નિબંધ સ્પર્ધાનું આયોજન

માંડવી: આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવી NEP 2020 (નવી શિક્ષણ નીતિ 2020)ના પાંચ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થવાની ઉજવણીના ભાગરૂપે સરસ્વતી વન વિદ્યા મંડળ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા ભાષા અને સંસ્કૃતિ વિષય પર એક નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઇન્ચાર્જ આચાર્ય ડો. વી. વી. મકવાણા ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને NEP 2020 ના મહત્ત્વ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### ડહેલી શારદા મંદિર હાઈસ્કૂલ બાળ નિદાન મેડિકલ કેમ્પ યોજાયો

ભરૂચ: ડહેલી ગામ માટે શ્રી શારદા મંદિર ખાતે હાલમાં GMDC-GTV અને એપોલો હોસ્પિટલનાં સંયુક્ત ઉપક્રમે CSR પ્રવૃત્તિ હેઠળ બાળ નિદાન મેડિકલ કેમ્પ રાખવામાં આવ્યો હતો. ખાસ કરીને આ કેમ્પમાં નિષ્ણાત બાળ ચિકિત્સક ડો.અઝરૂદિન ખત્રી ઉપસ્થિત રહીદવાઓનું વિતરણ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. GMDC (EFG) વાલિયા લિગ્નાઇટ પ્રોજેક્ટ હેડ સત્ય પ્રકાશ રાવત, શારદા મંદિર હાઈસ્કૂલના આચાર્યા પારૂલબેન ડુમસિયા અને તેમનો સ્ટાફ, એપોલો હોસ્પિટલના ડો.ઋતુલ પંચાલ સાથે વિશેષ ટીમ અને GMDCના પ્રોજેક્ટ મેનેજર ઇસ્માઇલ લાકડાવાલા ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં કુલ 142 બાળકો અને 10 જેટલા અન્ય દર્દીઓને લાભ મળ્યો હતો.

### રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે ઓલપાડમાં ૩.૨.૭૦ કરોડના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ

ઓલપાડ: વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઇ પટેલના હસ્તે ઓલપાડ તાલુકાના પિંજરત ખાતેથી ૩.૨.૭૦ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ કરાયું હતું. જેમાં પિંજરત અને પરિયા ખાતે ૩.૬૭.૫૦ લાખમાં નવનિર્મિત આયુષ્માન આરોગ્ય મંદિર અને ૩.૧૫ લાખના ખર્ચે તૈયાર થયેલા કીમ પ્રા.આરોગ્ય કેન્દ્રના મેડિકલ સ્ટોરનું લોકાર્પણ તેમજ ઓલપાડના પિંજરત બાણ ફળિયાથી રાંગ ફળિયાના ૩.૫૦ લાખના ડામર રોડનું ખાતમુર્હુત કરાયું હતું. મંત્રીએ ૩.૨૩.૩૧ લાખના ખર્ચે ડોર ટુ ડોર કચરા કલેક્શન માટે ૯ ઈ-રિક્ષાને લીલીઝંડી તેમજ ૩.૭ લાખના ખર્ચે ન્યુ પેટર્ન મત્સ્ય ઉદ્યોગ સાધન સહાયનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે તા.પંચાયત પ્રમુખ નીતાબેન, ઉપપ્રમુખ કિરણભાઈ પટેલ, સરપંચ ભારતીબેન, તા.હેલ્થ ઓફિસર ચિરાગભાઈ, અગ્રણીઓ બ્રિજેશભાઈ, કુલદીપસિંહ, પિંજરત પેટા અને કીમ પ્રા.આરોગ્ય કેન્દ્રના સ્ટાફગણ, આશાવર્કર અને આંગણવાડીની બહેનો તેમજ ગ્રામજનો હાજર રહ્યા હતા.

### ધી પાટીદાર જીન સાયન્સ કોલેજના આચાર્ય VNSGUમાં વિજ્ઞાન શાખાના ડીન બન્યાં

બારડોલી: બારડોલી પ્રદેશ કેળવણી મંડળ સંચાલિત ધી પાટીદાર જીન સાયન્સ કોલેજના આચાર્ય ડો. ભાવિન નાયકની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતના વિજ્ઞાન વિદ્યાશાખાના ડીન તરીકે કુલપતિ ડો. કિશોરસિંહ ચાવડા દ્વારા નિયુક્તિ કરવામાં આવી છે. ડો. ભાવિન નાયક આ કોલેજમાં છેલ્લા ૧૭ વર્ષથી આચાર્ય તરીકે ફરજ બજાવે છે. ડો. ભાવિન નાયકની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સીટી, સુરતમાં વિજ્ઞાન વિદ્યાશાખાના ડીન તરીકે ત્રીજીવાર નિયુક્ત થયા છે. તેમને આ નિયુક્તિ બદલ સંચાલક મંડળ તથા સાયન્સ કોલેજ પરિવાર અભિનંદન પાઠવે છે.

## ભરૂચ નગરપાલિકાની સભામાં હાઈમસ્ટ પોલ, આઈકોનિક રોડ મુદ્દે તું તું મેં મેં

**શાસકો** રાષ્ટ્રગીત વગાડી આક્ષેપોથી બચવા ચાલતી પકડી: કોંગ્રેસ

ભરૂચ: ભરૂચ નગરપાલિકાના સભાખંડ ખાતે પ્રમુખ વિભૂતિબા યાદવના અધ્યક્ષ સ્થાને સામાન્ય સભા મળી હતી. જેમાં વિપક્ષે સ્વચ્છતા સર્વેક્ષણ, રોડ-રસ્તા અને વોર્ડ નં.-૬ના હાઇમસ્ટ અને આઇકોનિક માર્ગ પરના લાઇટો મુદ્દે તું તું મેં મેંના દૃશ્યો સર્જાયા હતા. જ્યારે બહુમતીના જોરે શાસક પક્ષે 29 એજન્ડાઓને સર્વાનુમતે મંજૂર કર્યા હતા.

સભામાં પ્રથમ સ્વચ્છતા સર્વેક્ષણમાં ભરૂચ નગરપાલિકાનો ક્રમાંક નીચે આવતા બંને પક્ષો વચ્ચે ચકમક ઝરી હતી. આઇકોનિક રોડ અને હાઇમસ્ટ પોલના મુદ્દે વિપક્ષે સ્પષ્ટીકરણ મુજબ કામ ન થવાના આક્ષેપો કરી તપાસ સમિતિની માંગણી રજૂ કરતાં ફરી વિવાદ થયો હતો.

વિવાદ વચ્ચે શાસક પક્ષે એજન્ડાના તમામ મુદ્દાઓ બહુમતીના આધાર પર મંજૂર કરી અને રાષ્ટ્રગીત ગાવાનું શરૂ કરી સભાનું સમાપન કર્યું. જેના પગલે વિપક્ષે આરોપ લગાવ્યો હતો કે શાસકો રાષ્ટ્રગીતની આડમાં ચર્ચાથી ભાગી ગયા હતા. કોંગ્રેસના નેતા સમસાદ અલી સૈયદે જણાવ્યું હતું કે, ભાજપના સભ્યો ભ્રષ્ટાચારથી બચવા માટે રાષ્ટ્રગીત પાછળ છુપાઈ ગયા છે. અમે 258 એક્ટ હેઠળ રિજિયનલ કમિશનરને ફરિયાદ કરીશું. તેમજ કોંગ્રેસ શહેર પ્રમુખ સલીમ અમદાવાદીએ જણાવ્યું કે, શહેરની સમસ્યાઓ અંગે અમારી લેખિત રજૂઆતને ચર્ચા માટે મંજૂરી આપી હતી, પરંતુ ભ્રષ્ટાચારની વાત આવતા સભા અધૂરી રીતે પૂરું કરી દેવામાં આવી. શાસક પક્ષે આ તમામ આક્ષેપોને નકાર્યા હતા. પાલિકા પ્રમુખ વિભૂતિબા યાદવે જણાવ્યું કે, ચૂંટણી નજીક હોવાથી વિપક્ષ ખોટા આક્ષેપો કરી પાલિકા પ્રશાસનને બદનામ કરવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે. ગેરરીતિ જણાશે તો ચોક્કસ કાર્યવાહી કરવામાં આવશે.

## અંકલેશ્વરમાં મોબાઈલ સ્નેચિંગના ગુનામાં બે રીઢા ઝડપાયા, ત્રણ ગુનાનો ભેદ ઉકેલાયો

અંકલેશ્વર: ભરૂચ ક્રાઈમ બ્રાન્ચની ટીમે પેટ્રોલિંગ દરમિયાન નંબર વગરની બાઈક પર આવી રહેલા બે ઈસમ રોકી પૂછપરછ કરતાં બાઈક ચોરી હોવાનું જણાયું હતું. પોલીસે આરોપી નિર્મલ રાજુ નિષાદ (રહે., હરીકાકાની રૂમમાં, ચાવજ, ભરૂચ) અને અંકીત નોખેલાલ નિષાદ (રહે., મીરાનગર, સારંગપુર, તા.અંકલેશ્વર)ની કડક પૂછતાછ કરતાં બન્ને આરોપીઓ મહિલાઓને ટાર્ગેટ કરી ચેઈન સ્નેચિંગના ગુનાને અંજામ આપતા હોવાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી મોબાઈલ અને બાઈક મળી રૂ.70 હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે. હાલ આરોપીઓની ત્રણ ગુનામાં સંડોવણી બહાર આવી છે.

## ઝઘડિયાના રતનપુરમાં પંચાયત ઓફિસમાં ભણતા આંગણવાડીના બાળકો

**શાળાનું** મકાન જર્જરીત હાલતમાં હોય બંધ કરાયું, નવા મકાનની માંગ



ભરૂચ, ઝઘડિયા: ઝઘડિયા તાલુકાના રતનપુર ગામની આંગણવાડી છેલ્લાં ઘણાં સમયથી જર્જરિત હાલતમાં છે. દીવાલો પર તિરાડો પડી ગઈ છે અને વરસાદનું પાણી પણ છતમાંથી ટપકતું હોય જેથી આંગણવાડી કર્મચારીઓ દ્વારા જર્જરીત મકાનને બંધ કરી બાળકોને પંચાયત ઓફિસના બીજા માળે બેસાડવામાં આવે છે.

તલાટી દ્વારા આંગણવાડીના બાળકો માટે પંચાયતના બીજા માળે એક રૂમ આપવામાં આવ્યું છે, જ્યાં આંગણવાડીની કામગીરી કરવામાં આવે છે, આંગણવાડીનું મકાન પંચાયતના બીજા માળે હોવાથી નાના બાળકોને ઉપર ચડવા ઉતરવામાં મુશ્કેલી પડે છે અને આંગણવાડીમાં કામ અર્થે આવતી સગર્ભા મહિલાઓને પણ બીજા માળે ચડવા ઉતરવામાં તકલીફ પડે છે, દાદર ચડતા ઉતરતા કોઈ બાળક પડી જાય તો કોઈ દુર્ઘટના સર્જાઈ શકે છે, જેથી વહેલી તકે નવું મકાન બનાવી આપવા માંગ કરવામાં આવી છે.

## ભરૂચ મનરેગા કૌભાંડમાં પકડાયેલા નેત્રંગના TDOને સસ્પેન્ડ કરાયા

ભરૂચ: બહુ ચર્ચાયેલા ભરૂચ જિલ્લાના ત્રણ તાલુકામાં મનરેગા મસમોટા કૌભાંડ બાબતે તંત્રએ લાલ આંખ કરી છે. જેમાં હાલમાં નેત્રંગના TDO અને મનરેગા કૌભાંડ પ્રકરણમાં ધરપકડ થયેલા મહંમદ સહલ ઈસ્માઈલ પટેલને સસ્પેન્ડ કર્યા છે.

મનરેગા કઠિત કૌભાંડમાં ગત તા.23મી જુલાઈએ સંડોવાયેલા બે ટીડીઓ સહિત ટેક્નિકલ આસિસ્ટન્ટ કર્મીની ધરપકડ કરવામાં આવી હતી. આ ધરપકડમાં અગાઉ હાંસોટમાં ફરજ બજાવતા અને હાલમાં નેત્રંગ TDO મહંમદ સહલ ઈસ્માઈલ પટેલ પણ સામેલ હતા. ધરપકડ બાદ તેમની સામે વહીવટી કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં મહંમદ પટેલ કસ્ટડીમાં ધરપકડ કરતાં ભરૂચ DDOએ તા.30મી જુલાઈ, 2025નાં રોજ ગુજરાત મુલ્કી સેવા (ફરજ મોકુફી) વિગેરે નિયમો-2002નાં નિયમો-68 જોગવાઈ મુજબ સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો હતો. ઉલ્લેખનીય એ છે કે જે બાબતે ભરૂચ જીલ્લા વિકાસ અધિકારીનાં મંતવ્ય જાણવા મોબાઈલ પર ફોન કરવા છતાં તેમનો સંપર્ક થયો ન હતો.

## અંકલેશ્વરમાં ભાડુઆતોનું વેરિફિકેશન ન કરાવનાર 7 દુકાનકો સામે ગુનો દાખલ

અંકલેશ્વર: અંકલેશ્વરના વાલિયા રોડ પર કાપોદ્રા પાટિયા પાસે એપલ પ્લાઝા શોપિંગ સેન્ટરમાં ભાડુઆત અંગે પોલીસ વેરિફિકેશન ન કરાવનારા 7 જેટલા દુકાનદારો સામે પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો છે. જાહેરનામાના ભંગ બદલ બીએનએસ 223(બી) મુજબની કાર્યવાહીમાં દિનેશકુમાર ભગવાનજી માલી, વિપુલકુમાર મૂળજીભાઈ પટેલ, તુહીના લવાનીયા, અજીતકુમાર રામદાસ યાદવ, માયાબેન યોગેશભાઈ પટેલ, રામકૃષ્ણ દોરીક, સેફાલી પિન્કીબેન શાહનો સમાવેશ થયો હતો. આ ઉપરાંત એપલ પ્લાઝા શોપિંગ સેન્ટરમાં આવેલા મિસ્ટર ડીઆઈવાય મોલની તપાસ કરતાં માલિક રામ પ્રકાશ દુબેએ મોલમાં કામ કરતાં કર્મચારીઓના નિયત મુજબના લેબર ફોર્મ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધણી ન કરાવતા તેની વિરુદ્ધ પણ કાર્યવાહી કરવામાં આવી હતી.

## દહેજમાં યુનિવર્સલ કંપનીના ગોડાઉનમાં બ્લાસ્ટ બાદ ભીષણ આગ લાગી

**ગણતરીના** દિવસોમાં દહેજની કંપનીઓમાં બે પ્રચંડ ધડાકા, સુરક્ષાને લઈ ચિંતાનો વિષય



ભરૂચ: દહેજના શિવા ફાર્માને આગને ગણતરીના દિવસ થયા છે અને ફરીવાર અન્ય એક કંપનીમાં આગ લાગી હતી. ગુરુવારે વહેલી સવારે દહેજની યુનિવર્સલ નામની કંપનીના ગોડાઉનમાં પ્રચંડ ધડાકા સાથે ભીષણ આગ ફાટી નીકળતા ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. જ્યારે બીજી તરફ ભરૂચ ST ડેપોના વર્કશોપમાં પણ આગ લાગતા ફાયર વિભાગ દોડતું થયું હતું.

દહેજની યુનિવર્સલ કંપનીના ગોડાઉનમાં ગુરુવારે વહેલી સવારે એકાએક જોરદાર ધડાકો થયો હતો. આના કારણે કંપની પરિસરમાં નાસભાગ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ વાગરા મામલતદારની ટીમ તાબડતોબ સ્થળ પહોચી ગયા હતા. ફાયર વિભાગે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ ઘટના બે દિવસ પહેલાં દહેજમાં થયેલા ધડાકા બાદ બની છે. આ સિલસિલાબંધ ઘટનાઓ દહેજ ઔદ્યોગિક વસાહતમાં સલામતીના ધોરણો અને નિયમોના પાલન થતાં ગંભીર પ્રશ્નાર્થ ઊભા થયા છે.

### ભોલાવ ST ડેપોના વર્કશોપમાં ટાયરના ગોડાઉનમાં વિકરાળ આગ ભડકી

ભરૂચ શહેરના ભોલાવ વિસ્તારમાં આવેલા એસ.ટી. ડેપોમાં આવેલા વર્કશોપમાં આગ ફાટી નીકળી હતી વર્કશોપમાં ટાયરનો મોટો જથ્થો હોવાના કારણે જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. જેના પગલે ધૂમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી નજરે પડ્યા હતા. સમય સૂચકતા વાપરી કર્મચારીઓ સુરક્ષિત સ્થળે ખસી ગયા હતા. ગોડાઉનમાં વેન્ટિલેશનના અભાવે ફાયર ફાયટરોએ દીવાલ તોડી આગ પર કાબૂ મેળવ્યો હતો.ગોડાઉનમાં 175 જેટલા નવા ટાયરોનો જથ્થો સ્ટોર બળીને ખાક થઇ ગયો હતો.

## આમોદમાં યુરીયા ખાતરની તીવ્ર અછત, ખેડૂતો ચિંતામાં

ભરૂચ: આમોદ તાલુકામાં ચોમાસાની સીઝન સારી રીતે જામી હોવા છતાં ખેડૂતો યુરિયા ખાતરની તીવ્ર અછતનો ભોગ બની રહ્યા છે. જે મુદ્દે ગુરુવારે આમોદ તાલુકા કોંગ્રેસ સમિતિએ મામલતદારને આવેદનપત્ર સુપરત કર્યું હતું. કોંગ્રેસના તાલુકા પ્રમુખ નરેન્દ્ર પટેલ અને આગેવાન કેતન મકવાણા સહિતના પ્રતિનિધિમંડળે મામલતદાર કચેરીમાં હાજર રહી ખેડૂતોની સ્થિતિ અંગે રજૂઆત કરી હતી.આવેદનપત્રમાં જણાવ્યું હતું કે હાલ ખેતરોમાં વાવણી પૂર્ણ થઈ ચૂકી છે અને પાકને ખાતર આપવાનો સમય ચાલી રહ્યો છે. યુરિયા ખાતર ન મળવાના કારણે પાકને અસર થઇ રહી છે. જેને કારણે ખેડૂતોને ભારે ચિંતા ઊભી થઈ છે. જો હવે ખાતર ન મળે તો આખી સિઝન બરબાદ થઈ જશે. તાત્કાલિક ધોરણે ખાતરનો પૂરવઠો સુનિશ્ચિત કરવાની માંગ કરવામાં આવી હતી.

## અંકલેશ્વર પોલીસે રૂ.4.18 લાખ 23 મોબાઇલ મૂળ માલિકોને પરત કર્યા

અંકલેશ્વર: અંકલેશ્વર ડિવિઝનના બે પોલીસમથકના તેરા તુજકો અર્પણ અંતર્ગત ગુમ અથવા ચોરી થયેલા રૂ.4.18 લાખના 23 મોબાઈલ મૂળ માલિકોને પરત કર્યા હતા. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે રૂ.1.75 લાખની કિંમતના 10 મોબાઇલ અને અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે રૂ.2.43 લાખની કિંમતના 13 મોબાઈલ મૂળ માલિકોને પરત કર્યા હતા.

* જાહેર હરાજી *

આથી રસ ધરાવતા ઇસમો માટે જિ.પં.શિ. સમિતિ સુરત સંચાલિત નિમ્ન પ્રાથમિક શાળા કનવાડા તા.માંગરોળ, જિ. સુરત ના 2 ઓરડા પતરાવાળા તોડવાની તથા કાટમાળ લઇ જવાની જાહેર હરાજી તા. ૧૧/૦૮/૨૦૨૫ ને સોમવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે નિમ્ન પ્રાથમિક શાળા કનવાડાના પટાંગણમાં રાખવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા ઇચ્છતાં ઇસમોએ હાજર રહેવા વિનંતી. અનામતની રકમ ૩૦૦૦/- સ્થળ પર જમા કરાવનાર જ હરાજીમાં ભાગ લઇ શકશે. હરાજી શરતોને આધીન રહેશે. જેની ઇસમોએ નોંધ લેવી.

લિ.
તલાટી કમ મંત્રી/સરપંચ
કોસાડી-કનવાડા ગૃપ પંચાયત

લિ.
અધ્યક્ષ શ્રી /સભ્ય સચિવ
કનવાડા પ્રા. શાળા
તા. માંગરોળ જિ. સુરત

Milano MULTIPLEX
બારડોલી
Son Of Sardar-2
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Dhadak 2
12:00pm, 06:00pm
Saamrajya
11:00am, 09:30pm
Saiyaara
02:00pm, 05:00pm, 09:00pm
Mahavatar Narasimha : 03:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333